# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૩ તા. ૩-૧૨-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-તા.૧-૧-૧૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદી ખાસ સુધારણા કાર્યક્રમ બાબત**
**સંદર્ભ :-કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરીના પત્ર ક્રમાંક ઈએલઆર/મતદાર યાદી/ખા.સં. સુધારણા ૨૦૧૫**

આથી તમામ મ્યુનિ.શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભિત પત્રના અનુસંધાનમાં જણાવવાનું કે,ભારતના ચૂંટણી પંચના આદેશાનુસાર તા.૧-૧-૧૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ તા.૫-૧૨-૧૫થી હાથ ધરવામાં આવનાર છે.આ કામગીરીની બીએલઓ તરીકે નિયુક્ત થયેલ શિક્ષકો દ્વારા કરવાની રહે છે.

મતદાર યાદીની રાષ્ટ્રીય કામગીરી નિર્વિઘ્ને સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે તા.૬-૧૨-૧૫ અને તા.૧૩-૧૨-૧૫ ને રવિવારના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ નિયોજીત સ્થળોએ અરજીઓ સ્વિકારવાની હોવાથી આ દિવસોએ શાળાઓ ખુલ્લી રહે તેમજ બીએલઓને જરૂરી સગવડ મળી રહે તે માટે જરૂરી વ્યવસ્થા કરશો.

તા.૦૩-૧૨-૧૫ ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં. ૧૧૪ તા. ૩-૧૨-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૫/૧૬ ની બજેટની જોગવાઈ મુજબ ૪ દિવસ ક્લસ્ટર કક્ષાની તાલીમ મંજૂર થયેલ છે. તે પૈકી ૨ દિવસની ક્લસ્ટર કક્ષાની તાલીમ પૂર્ણ કરવામાં આવેલ છે. તા.૫-૧૨-૧૫ના રોજ ક્લસ્ટર કક્ષાની તાલીમનું આયોજન કરેલ છે. તો આ તાલીમમાં તમામ શિક્ષકોએ કલસ્ટર કક્ષાએ તાલીમમાં ફરજીયાત પૂર્ણ સમયમાં હાજર રહેવાનું રહેશે.

- તાલીમનો સમયગાળો સવારે ૭-૦૦ થી ૧૩-૦૦ કલાક
- તાલીમ ક્લસ્ટર કક્ષાએ હોવાથી તાલીમનું સ્થળ સીઆરસી પાસેથી મેળવી લેવાનું રહેશે.
- પ્રજ્ઞા શિક્ષકોએ આ સાથે સામેલ જે તે ઝોનના તાલીમ સ્થળોએ તાલીમ મેળવવાની રહેશે.
- તલીમ ઓન-એર અને ઓફ-એર મોડમાં યોજવામાં આવશે.
- તાલીમમા કોઈ શિક્ષકે પૂર્વ મંજૂરી વિના ગેરહાજર રહેવું નહીં.
- તાલીમના દિવસે મુખ્ય શિક્ષકે શાળામાં હાજર રહી એસ.એમ.સી.ના સભ્યો, વાલીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સહયોગથી બાળકોને મધ્યાહ્ન ભોજનની વ્યવસ્થા કરવાની રહેશે અને **શૈક્ષણિક કાર્ય અનઅધ્યય રાખવાનું** રહેશે.
- તાલીમના દિવસે મુખ્ય શિક્ષકે શાળામાં પૂર્ણ સમય સુધી હાજર રહેવાનું રહેશે.
- તાલીમાર્થીઓએ અગાઉ આપવામાં આવેલ મોડયુલ,ચોપડો, પેન અને પોતાના ધોરણ અને વિષયના પાઠ્યપુસ્તકો સાથે રાખવાના રહેશે.
- તાલીમ દરમ્યાન દરેક વર્ગોમાં શૈક્ષણિક સમૂહ ચર્ચાના અંતે ફલિત થતા તારણોની યાદી નિર્માણ થાય અને વર્ગકાર્ય સુધી ઉપયોગમાં લેવાય તે અપેક્ષિત છે.
- તાલીમ દરમ્યાન પ્રશિક્ષણ મોડયુલમાં અપાયેલ દરેક મુદ્દામાં તાલીમાર્થી સહયોગી થાય અને તબક્કાવાર ચર્ચા થાય તે અપેક્ષિત છે.
- તાલીમમાં શિક્ષકોને તેમના વિષય અને ધોરણ સબંધે થતા નવા ચારની વિગતો રજૂ કરવાની હોઈ પૂર્વ તૈયારી સાથે હાજર રહેવું.
- તાલીમ આયોજન અને ગ્રાન્ટ વપરાશ માટેની સમિતિઓ અગાઉ કરેલ પરિપત્રો મુજબ અમલીકૃત હોઈ તે મુજબ અમલવારી કરવાની રહેશે.
- તાલીમમાં ૭-૧૦ પછી આવનાર શિક્ષકોને ગેરહાજર ગણવામાં આવશે.
- **પ્રજ્ઞા તાલીમના સ્થળો :-**
  - **ઉત્તર ઝોન યુ.આર.સી. : સરસપુર શા.નં.૧૧**
  - **દક્ષિણ ઝોન યુ.આર.સી. : બાગેફિરદોશ શા.નં.૧**
  - **પૂર્વ ઝોન યુ.આર.સી. : અમરાઈવાડી શા.નં.૧૬**
  - **પશ્ચિમ ઝોન યુ.આર.સી. : એલિસબ્રીજ શા.નં.૯**

તા.૩-૧૨-૧૫ ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી